Letter No: SJED/0297/09/2025 Approved Date: 15-09-2025

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે પુન: રચના કરવામાં આવેલ સમર્પિત આયોગને મહેકમ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2025/2091/A Section

સચિવાલય ગાંધીનગર

તા.ઈ-સાઈન મુજબ

વંચાણે લીધા:

(૧) આ વિભાગનો તા.૦૪/૦૯/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક:- SJED/CFO/e-file/17/2025/1932/A Section

(૨) આ વિભાગનો તા.૩૧/૧૨/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક:- SJED/CFO/e-file/17/2022/0002/A Section

(૩) આ વિભાગનો તા.૧૮/૦૨/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક:- SJED/CFO/e-file/17/2022/0002/A Section

પ્રસ્તાવના:

વંચાણે લીધા ક્રમ (૧) આગળના ઠરાવથી નામ. હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશશ્રી બી. એન. કારીઆના અધ્યક્ષસ્થાને "સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગ"ની પુન: રચના કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમ (૨) આગળના ઠરાવથી અન્ય પછાત વર્ગો માટેનું પંચ,ગાંધીનગરની કચેરીના હંગામી મહેકમની મુદ્દત તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી લંબાવવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમ (૩) આગળના ઠરાવથી અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગરની કચેરીના આઉટસોર્સ મહેકમની મુદ્દત તા.૨૮/૦૨/૨૦૨૫ થી વધુ ૧૧ માસ સુધી લંબાવવામાં આવેલ છે. પુન: રચના કરવામાં આવેલ સમર્પિત આયોગના સ્ટાફ/મહેકમ અંગે જરૂરી વ્યવસ્થા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ અન્ય પછાત વર્ગો માટેના પંચની કચેરી, ગાંધીનગરના મહેકમ/સ્ટાફને નામદાર વડી અદાલતના નિવૃત્ત ન્યાયાધીશશ્રી બી. એન. કારીઆના અધ્યક્ષસ્થાને પુન: રચવામાં આવેલ સમર્પિત આયોગના હવાલે મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

| અનુ. | જગ્યાનું નામ | સંખ્યા | જગ્યાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | સચિવ | ૧(એક) | હંગામી |
| ૨ | કચેરી અધીક્ષક, વર્ગ-૩ | ૧(એક) | હંગામી |
| ૩ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૧(એક) | હંગામી |
| ૪ | સચિવશ્રીના અંગત સચિવ(ગુ.સ્ટે.-૨) | ૧(એક) | હંગામી |
| ૫ | સંશોધન મદદનીશ | ૧(એક) | હંગામી |
| ૬ | આંકડા મદદનીશ | ૩(ત્રણ) | હંગામી |
| ૭ | કારકુન | ૧(એક) | હંગામી |

Signature valid
Signed by:Kalpna V Rana
Under Secretary
Date: 2025.09.16
10:47:29 +05:30

File No: SJED/MIS/e-file/17/2025/2091/A Section
Approved By: Principal Secretary,SJED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

| | | | |
|---|---|---|---|
| ૮ | પટાવાળા (આઉટસોર્સથી) | ૨(બે) | આઉટસોર્સ |
| | કુલ:- | ૧૧(અગિયાર) | - |

ઉક્ત ક્રમ:- (૧) થી (૩) આગળના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓએ અન્ય પછાત વર્ગો માટેના પંચની કચેરીની કામગીરી ઉપરાંત સમર્પિત આયોગની કામગીરી કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કલ્પના રાણા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર..
- શ્રી બી. એન. કારીઆ, માન. અધ્યક્ષશ્રી સમર્પિત આયોગ, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ,એ-૨ વીંગ, છઠ્ઠો માળ,બ્લોક નંબર:-૧, કર્મયોગી ભવન, સેકટર-૧૦, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઈપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી,વિકસતિ જાતિ કલ્યાણ, બ્લોક નંબર:-૪ નો ત્રીજો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (પ્રસ્તુત ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા વિનંતીસહ)
- સિલેકટ ફાઈલ-૨૦૨૫.

Signature valid
Signed by:Kalpna V Rana
Under Secretary
Date: 2025.09.16
10:47:29 +05:30

File No: SJED/MIS/e-file/17/2025/2091/A Section
Approved By: Principal Secretary,SJED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*